શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે


**ગુજરાત કાઉન્સિલ ઓફ સ્કૂલ એજ્યુકેશન**
**સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની કચેરી,**
**સમગ્ર શિક્ષા, સેક્ટર–૧૭, ગાંધીનગર.**
**ફોન નં. ૦૭૯–૨૩૨ ૩૮૪૦૪**
**e-mail : ssamstatett@gmail.com**


**પત્રક્રમાંક : એસએસ/QEM/૨૦૨૦/** ૧૮૦૧-૪૨ **તા.**૨૯**/૩/૨૦૨૧**

**પ્રતિ,**

**જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી**
**જિલ્લા પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા,**
**જિલ્લા :** તમામ(બોટાદ સિવાય).
**શાસનાધિકારીશ્રી :** અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત કોર્પોરેશન.

**વિષય : 'પુસ્તક વાચક સ્પર્ધા : ૨૦૧૯–૨૦' અંતર્ગત 'ઓનલાઈન પુસ્તકમેળા'ના આયોજન માટે વિજેતા વિદ્યાર્થીઓ અને મુખ્ય શિક્ષકશ્રીની માહિતી ઓનલાઈન અપલોડ કરવા બાબત.**

**સંદર્ભ : (૧) અત્રેનો પત્રક્રમાંક : એસએસએ/P&Mo/૩/૨૦૨૦/૫૬૪૦–૫૭૧૩, તા.૨૯/૧/૨૦૨૦**
**(૨) નોંધ પર માન.એસપીડીશ્રીની મળેલ મંજુરી**

ઉપરોકત વિષય અને સંદર્ભ–૧ અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૧૯–૨૦ના ફેબ્રુઆરી માસમાં રાજયની તમામ સરકારી ઉચ્ચ પ્રાથમિક(ધો.૬, ૭, ૮) શાળાઓ તેમજ સરકારી / ગ્રાન્ટેડ / આર.એમ.એસ.એ. / મોડેલ / મોડેલ ડે માધ્યમિક(ધો.૯) અને ઉચ્ચતર માધ્યમિક(ધો.૧૧) શાળાઓના વિદ્યાર્થીઓ માટે શાળા કક્ષાથી લઈ જિલ્લા કક્ષા સુધી 'પુસ્તક વાચક સ્પર્ધા' યોજવામાં આવેલ હતી.

આ સ્પર્ધામાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ તરીકે બુકફેર કૂપન આપવામાં આવેલ છે. બુકફેર કૂપનનો ઉપયોગ વિદ્યાર્થીઓ તેઓના જિલ્લામાં યોજાનાર પુસ્તકમેળામાંથી ઈનામની ડીસ્કાઉન્ટ સહીતની રકમ જેટલી કિંમતના તેઓની પસંદગીના પુસ્તકો ખરીદી શકે તે માટે કરી શકશે, તેમ નિયત થયેલ હતુ. જે–તે સમયે કોવીડ–૧૯ની પરિસ્થિતિને કારણે જિલ્લા કક્ષાએ આયોજીત કરવામાં આવેલા પુસ્તકમેળા મોકૂફ રાખવામાં આવેલ હતા.

હાલના પ્રવર્તમાન સંજોગોમાં પુસ્તક વાચક સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓ તેઓની ઈનામની રકમનો તેઓની પસંદગીના પુસ્તકોની ખરીદી કરવા માટે ઉપયોગ કરી શકે તે માટે, ગુજરાતી પ્રકાશક મંડળ–અમદાવાદના સહયોગથી 'ઓનલાઈન પુસ્તકમેળો' યોજવા સંદર્ભ–૨થી મળેલ મંજુરી અન્વયે નિયત કરવામાં આવેલ છે.

'ઓનલાઈન પુસ્તકમેળો' યોજવા માટે ગુજરાતી પ્રકાશક મંડળ–અમદાવાદ ધ્વારા વેબસાઈટ તૈયાર કરવામાં આવેલ છે. આ વેબસાઈટમાં પ્રથમ તબકકે રાજયના તમામ સીઆરસી કો.ઓ.એ તેઓના કલસ્ટરની શાળાઓના શાળા કક્ષાથી જિલ્લા કક્ષા સુધીની સ્પર્ધામાં વિજેતા બનેલા તમામ વિદ્યાર્થીઓની વિગતો અપલોડ કરવાની થાય છે. આ માટે પ્રયોગાત્મક ધોરણે ગાંધીનગર જિલ્લાના સીઆરસી કો.ઓ. ધ્વારા વિદ્યાર્થીઓ અને સંલગ્ન શાળાના આચાર્યશ્રીઓની વિગતો અપલોડ કરવાની કામગીરી મહદઅંશે પૂર્ણ કરવામાં આવેલ છે.

દરેક સીઆરસી કો.ઓર્ડિનેટરે તેઓના કલસ્ટરના તમામ **વિજેતા વિદ્યાર્થીઓના યુનિક આઈ.ડી.** અને વિદ્યાર્થીઓની વિજેતા કક્ષા(શાળા/કલસ્ટર/બ્લોક/જિલ્લા)ની વિગતો, તેમજ સંલગ્ન શાળાઓના આચાર્યશ્રીઓના નામ, મોબાઈલ નંબર અને ઈ–મેઈલ એડ્રેસની વિગતો સાથે રાખીને વેબસાઈટમાં એન્ટ્રી કરવાની રહેશે.

ભવિષ્યમાં યોજાનાર 'ઓનલાઈન' પુસ્તકમેળા' માટે વેબસાઈટ પર સીઆરસી કો.ઓ. ધ્વારા જે–તે વિજેતા વિદ્યાર્થીની સંલગ્ન શાળાના આચાર્યશ્રીના અપડેટ કરવામાં આવનાર નામ, મોબાઈલ નંબર અને ઈ–મેઈલ એડ્રેસની મદદથી જ લોગઈન આપવામાં આવનાર છે, જેની ખાસ નોંધ લેવી.

સીઆરસી કો.ઓર્ડિનેટર ધ્વારા વેબસાઈટ પર અપલોડ કરવામાં આવનાર વિગતોને આધારે જ 'ઓનલાઈન પુસ્તકમેળા' સંલગ્ન આગળની કાર્યવાહી થનાર છે, જેથી દરેક સીઆરસી કો.ઓ. **સંપૂર્ણ ગંભીરતાથી, પૂરતી ચોકસાઈ રાખી** વિગતો અપલોડ કરે તે અત્યંત આવશ્યક છે. નજીકના ભવિષ્યમાં યોજાનાર 'ઓનલાઈન પુસ્તકમેળા' દરમિયાન સીઆરસી કો.ઓ. ધ્વારા અપલોડ કરવામાં આવેલ વિગતો અંગે જો કોઈ પ્રશ્ન ઉદભવશે, તો સબંધિત સીઆરસી કો.ઓ.ની પોતાની જવાબદારી રહેશે. જેની તમામ સીઆરસી કો.ઓ.એ ખાસ નોંધ લેવી.

વિજેતા વિદ્યાર્થીઓ અને સંલગ્ન શાળાના આચાર્યશ્રીઓની વિગતો વેબસાઈટ પર અપલોડ કરવા માટેની માર્ગદર્શિકા આ સાથે સામેલ છે. જેને ધ્યાને લઈ નીચે **પત્રકમાં દર્શાવેલ તારીખે** આપના જિલ્લાના તમામ સીઆરસી કો.ઓર્ડિનેટર તેઓના કલસ્ટરની 'ઓનલાઈન પુસ્તકમેળા' સંલગ્ન તમામ વિગતો પૂરતી ચોકસાઈથી અપલોડ કરે તે મુજબની સુચના આપની કક્ષાએથી આપવા વિનંતી છે.

| વેબસાઈટ પર વિગતો અપલોડ કરવાની તારીખ | જિલ્લા |
|---|---|
| તા.૧૭ અને ૧૮ માર્ચ, ૨૦૨૧ | અમદાવાદ, અમદાવાદ કોર્પોરેશન, અમરેલી, આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર, છોટાઉદેપુર, દાહોદ, ડાંગ, દેવભૂમિ ધ્વારકા. |
| તા.૧૮ અને ૧૯ માર્ચ, ૨૦૨૧ | ગીર સોમનાથ, જામનગર, જૂનાગઢ, કચ્છ, ખેડા, મહેસાણા, મહીસાગર, મોરબી, નર્મદા, નવસારી, સુરત, સુરત કોર્પોરેશન. |
| તા.૧૯ અને ૨૦ માર્ચ, ૨૦૨૧ | પંચમહાલ, પાટણ, પોરબંદર, રાજકોટ, રાજકોટ કોર્પોરેશન, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, તાપી, વડોદરા, વડોદરા કોર્પોરેશન, વલસાડ. |

**નોંધ :** જે કલસ્ટર ખાલી છે, તે કલસ્ટરની વિગતો તે કલસ્ટરના ઈનચાર્જ સીઆરસી કો.ઓ.એ અપલોડ કરવાની રહેશે.

**સચિવ અને ઓઆઈસી**
**કવોલીટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ બ્રાન્ચ**
**એસપીઓ, સમગ્ર શિક્ષા, ગાંધીનગર.**

**બિડાણ :**
– માર્ગદર્શિકા

**નકલ સવિનય રવાના :**
– માન.એસપીડીશ્રી, સદર કચેરી.

**નકલ રવાના :**
– ઓઆઈસી એમ.આઈ.એસ.શ્રી, સદર કચેરી.
– ઓઆઈસી ડીબીએ એન્ડ એસએ, સદર કચેરી.
– જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિ.ગાંધીનગર.

**નકલ રવાના અમલ અર્થે :**
– ગુજરાતી પ્રકાશક મંડળ, આદર્શ પ્રકાશન, 'સારસ્વત સદન', ૧૭૬૦/૧, ગાંધી રોડ, બાલાહનુમાન સામે, અમદાવાદ–૩૮૦૦૦૧.